## એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહ માટે પરીક્ષાર્થીને સૂચના

(1) પરીક્ષાર્થીએ પ્રવેશપત્ર પરીક્ષા સમયે પોતાની પાસે રાખવું, જરૂર પડે પરીક્ષા સમયે તે બતાવવું. પ્રવેશપત્ર વગર પરીક્ષાખંડમાં હાજરી આપી શકાશે નહીં.

(2) પરીક્ષાર્થીને પ્રવેશપત્ર મળે કે તરત જ તેમાં દર્શાવેલી નીચેની બાબતો ચકાસી લેવી :

(અ) પરીક્ષાર્થીનું પૂરેપૂરું નામ અને તેની જોડણી.
(બ) કેન્દ્ર તથા તારીખવાર, વિષયવાર પરીક્ષા અંગેની બિલ્ડિંગ વ્યવસ્થા જાણી લેવી/ચકાસવી.
(ક) વિષયો, ઉત્તરની ભાષા, મુક્તિ વગેરે.
(ડ) પરીક્ષા સ્થળનું નામ, સરનામું તેમજ બ્લોક નંબર

ચકાસણી કરતાં જો કોઈ ભૂલ જણાય તો તેની લેખિત જાણ શાળાના આચાર્ય મારફતે ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહ માટે મદદનીશ સચિવ 'ક-શાખા' ગાંધીનગરને કરવી.

(3) ઉ.મા. પ્રમાણપત્ર પરીક્ષા વિજ્ઞાન પ્રવાહ માટેના પ્રવર્તમાન ગુ.મા. અને ઉ.મા. પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમો અને તે અંગેની બોર્ડની તમામ સૂચનાઓ અનુસાર આવેદનપત્ર ભરી પ્રવેશ મેળવેલ છે. જો તેમાંથી કોઈ પણ વિગતો ખોટી ઠરશે તો વિનિયમ હેઠળ પ્રવેશ અને પરિણામ રદ થવા પાત્ર છે.

(4) (i) પરીક્ષાર્થીએ **OMR** અને **PART-B** ની ઉત્તરવહી/પુરવણી ઉપર નિયત જગ્યાએ જ બેઠક ક્રમાંક પ્રવેશપત્ર અનુસાર લખવો. તે સિવાય અન્ય કોઈ જગ્યાએ બેઠક ક્રમાંક લખવો નહીં.

(ii) પરીક્ષાર્થીએ **OMR** અને **PART-B** ની ઉત્તરવહી ઉપર કેન્દ્રનો નંબર લખવો. પરીક્ષાનો બેઠક નંબર આંકડામાં તથા શબ્દોમાં લખવો. જે તે દિવસે જે વિષયમાં પરીક્ષા આપતા હોય તે વિષયનું નામ અને કોડ નંબર, પરીક્ષાની તારીખ તથા જવાબની ભાષા જે તે નિયત જગ્યાએ અવશ્ય લખવા તથા ચકાસણી કરી તે બદલની પોતાની સહી કરવી. પરીક્ષા સમયે પરીક્ષા ખંડમાં **PART-A** અને **PART-B** માટે અલગ અલગ બે પ્રકારના સ્ટીકર ચોંટાડવાના હોય છે. (1) બારકોડ સ્ટીકર (2) ખાખી સ્ટીકર. પરીક્ષાખંડમાં સુપરવાઈઝર તરફથી મળેલું બારકોડ સ્ટીકર તમારું છે કે કેમ ? તેની ચકાસણી કરવી. બારકોડ સ્ટીકર ઉપર કેન્દ્ર નંબર, બેઠક નંબર, જવાબવહી નંબર તથા વિષય તમારા છે કે કેમ ? તે જોવું. જો તેમ ન હોય તો સુપરવાઈઝરનું ધ્યાન દોરવું. ભૂલથી ખોટું સ્ટીકર ચોંટાડવાથી ઊભી થતી પરિસ્થિતિ માટે પરીક્ષાર્થી, સ્થળસંચાલક અને ખંડ નિરીક્ષક જવાબદાર રહેશે. સુપરવાઈઝરે પરીક્ષાર્થી નિયતસ્થળે બારકોડ સ્ટીકર ચોંટાડે તે જોવું.

પરીક્ષાનો સમય પૂર્ણ થવાના દશ મિનિટ અગાઉ **OMR** / ઉત્તરવહી, પુરવણી ઉપર ખાખી સ્ટીકર નિયત જગ્યાએ ચોંટાડવું. જેથી પરીક્ષાર્થીનો બેઠક ક્રમાંક, કેન્દ્ર નંબર, બારકોડ સ્ટીકરના જે ભાગમાં **OMR** / ઉત્તરવહીનો નંબર, બેઠક નંબર લખેલ હોય તે અને સુપરવાઈઝરની સહી પણ ખાખી સ્ટીકર નીચે ઢંકાઈ જાય તે જોવું.

કોઈ પણ સંજોગોમાં ખાખી સ્ટીકરથી પરીક્ષાનો વિષય, પરીક્ષાની તારીખ અને ઉત્તરની ભાષાની વિગત ઢંકાઈ ન જાય તે જોવું.

પત્રક **01**માં ખંડનિરીક્ષક સહી કરાવે ત્યારે તમે જે ખાનામાં સહી કરો તે ખાનામાં તમારો બેઠક નંબર તથા બારકોડ સ્ટીકર પર લખેલ **OMR** /ઉત્તરવહીનો જ નંબર છે કે કેમ? તેની ચકાસણી કરવી. **OMR Sheet**માં **TQP** (પ્રશ્નપત્ર સેટ નંબર) જોઈ ચકાસીને જ લખવો **01** પત્રકમાં પણ તે જ **TQP** (પ્રશ્નપત્ર સેટ નંબર) છે કે કેમ તેની ખાતરી કરી લેવી.

(5) પ્રવેશપત્રમાં નિર્ધારિત જગ્યાએ જે તે વિષયની પરીક્ષા આપ્યા બદલની ખંડ નિરીક્ષકની સહી લેવી.

(6) પ્રવેશપત્રમાં જે તે તારીખ વિષયની સામેના કોલમમાં બારકોડ સ્ટીકર પર છાપેલો ઉત્તરવહીનો **PART-A** અને **PART-B**ના ખાનામાં ક્રમ લખવો.

(7) પ્રવેશપત્ર ઉપર નિયત જગ્યાએ સંબંધિત શાળાના આચાર્યશ્રીની સમક્ષ પરીક્ષાર્થીએ પોતાની સહી કરવાની છે. તેવી જ સહી પરીક્ષા સમયે પત્રક **01**માં **OMR** /ઉત્તરવહી, પુરવણી મેળવ્યા બદલની સહી કરવી અને કોલમ નં. **13**માં જવાબવહી-પુરવણી સહિત લખેલ કુલ પાનાની સંખ્યા અવશ્ય લખવી.

(8) **OMR** / ઉત્તરવહી, પુરવણીમાં પોતાની કોઈ પણ જાતની ઓળખ થાય તેવાં ચિહ્નો કે સંજ્ઞા કરવાના પ્રયાસો કરવા નહીં.

(9) પરીક્ષા શરૂ થયા પછી પરીક્ષાર્થીને પરીક્ષાખંડની બહાર જવા દેવામાં આવશે નહીં. **PART-A** ની પરીક્ષાનો સમય પૂરો થવાની **10** મિનિટ પહેલાં ચેતવણીના બેલનો એક ટકોરો અને સમય પૂરો થવાના સમયે લાંબો (અંતિમ) બેલ વગાડવામાં આવશે. છેલ્લો બેલ વાગે ત્યારે જવાબો લખવાનું બંધ કરી દેવું. ખંડ નિરીક્ષક ખંડમાંના તમામ પરીક્ષાર્થીઓની **OMR** ભેગી કરે ત્યાં સુધી કોઈ પણ પરીક્ષાર્થીએ પોતાનું સ્થાન છોડવાનું નથી.

(10) **PART-B** ની ઉત્તરવહી કે પુરવણીના પ્રત્યેક પાનાની બન્ને બાજુએ લખવું. પ્રત્યેક વિભાગનો જવાબ નવા પાના ઉપર કરવો. કોઈ પણ બે જવાબોની વચ્ચેનું પાનું કોરું છોડવું નહીં. પ્રશ્નના જવાબો વાદળી શાહીવાળી બોલપેનથી લખવા તેમજ જવાબો સિવાયનું અન્ય લખાણ અથવા કાચું કામ ઉત્તરવહીની ડાબી બાજુના પાના પર કરવું. પ્રશ્નપત્ર અથવા શાહીચૂસ કાગળ પર કાંઈ પણ લખાણ લખવું નહીં. ઉત્તરવહીમાં ગ્રીન પેન કે રંગીન બોલપેનનો ઉપયોગ કરવો નહીં.

(11) **PART-B**ની ઉત્તરવહી/પુરવણીમાંથી કોઈ પણ પાન ફાડવું નહીં. જો કોઈ પાન અથવા પાનનો ભાગ ખરાબ હોય/થાય તો તેના પર લીટી દોરવી. તે અંગેની જાણ ખંડ નિરીક્ષકને કરીને તે ઉપર ખંડ નિરીક્ષકની સહી લેવી.

(12) વિભાગ અને તેના પેટા પ્રશ્નો ક્રમ **1, 2, 3...** વગેરે હાંસિયામાં જ અને જ્યાંથી પ્રશ્ન લખવાની શરૂઆત થાય ત્યાં જ લખવા. એક જ વિભાગના તમામ પ્રશ્નો અને પેટા પ્રશ્નો એક સાથે લખવા.

(13) છેલ્લો બેલ વાગે ત્યારે જવાબવહી અને તમામ પુરવણી સફેદ દોરીથી બાંધીને કુલ ઉત્તરવહી પુરવણી સહિતનો આંકડો લખી ખંડ નિરીક્ષકને સુપ્રત કરવી.

(14) **PART-B** ની પરીક્ષાનો સમય પૂરો થવાની **10** મિનિટ પહેલાં ચેતવણીના બેલનો એક ટકોરો અને સમય પૂરો થવાના સમયે લાંબો (અંતિમ) બેલ વગાડવામાં આવશે. છેલ્લો બેલ વાગે ત્યારે જવાબો લખવાનું બંધ કરી દેવું. ખંડ નિરીક્ષક ખંડમાંના તમામ પરીક્ષાર્થીઓની ઉત્તરવહી ભેગી કરી રહે ત્યાં સુધી કોઈ પણ પરીક્ષાર્થીએ પોતાનું સ્થાન છોડવું નહીં.

(15) જે પરીક્ષાર્થી કોઈ પણ પ્રકારનું ગેરવર્તન કરશે તેમજ સ્થળ-સંચાલક અથવા નિરીક્ષકે આપેલી સૂચનાનું ઉલ્લંઘન કરશે તેની સામે પ્રવર્તમાન ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા પ્રવર્તમાન પરીક્ષા વિનિમય **2005** (સુધારેલા)ની જોગવાઈ અનુસાર શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. પરીક્ષાર્થીએ શાળામાં ડિસ્પ્લે કરેલ શિક્ષા કોષ્ટકની વિગતોની જાણકારી મેળવી લેવી.

(16) પરીક્ષાર્થીની સામે નીચેની ગેરવ્યાજબી વર્તણૂકમાં બોર્ડના પરીક્ષા વિનિયમો અનુસાર કાર્યવાહી કરવામાં આવશે.
(અ) તેઓ પુસ્તકો, નોંધ અથવા કોઈ છાપેલા યા લખેલા કાગળો સાથે લાવશે કે તેમાંથી ઉતારો કરવાનો પ્રયત્ન કરશે અથવા પ્રતિબંધિત ઈલેક્ટ્રોનિક ઉપકરણો (દા.ત. મોબાઈલ ફોન, સ્માર્ટ વૉચ, બ્લ્યુટૂથ કે અન્ય) સાથે રાખશે.
(બ) પોતાની બેઠક છોડશે, અન્ય પરીક્ષાર્થી સાથે વાતચીત કરશે કે ઉત્તરવહી દર્શાવવાનો/બતાવવાનો પ્રયાસ કરશે.
(ક) ઉત્તરવહી, પુરવણી, **OMR** કે પ્રશ્નપત્ર બહાર લઈ જશે અથવા બહાર લઈ જવાનો પ્રયત્ન કરશે.
(ડ) કોઈ પણ પ્રકારનું ગેરવર્તન કરશે.
(ઈ) ઉત્તરવહી /પુરવણી/**OMR Sheet** પર પોતાની ઓળખ માટે નિશાની કરે અથવા તો દેવી-દેવતાઓની નિશાની કે નામ લખે, ધર્મને લગતી નિશાની કરે, અન્ય કોઈ પણ વિશિષ્ટ નિશાની કરે તો આ બધી બાબતો ગેરરીતિમાં ગણાશે.

(17) પરીક્ષા ખંડમાં સાદું કેલ્ક્યુલેટર વાપરી શકાશે (સાયન્ટિફિક કેલ્ક્યુલેટરના ઉપયોગ પર પ્રતિબંધ છે).

(18) પરિણામ જાહેર થયા બાદ (1) ગુણ ચકાસણી અને (2) ગેરહાજરી-**Ab** ના કિસ્સામાં દફતર ચકાસણી માટે બે અઠવાડિયાની મુદતમાં (3) મુક્તિ **Ex**ની જગાએ ગેરહાજરી-**Ab** દર્શાવેલ બાબતે ચકાસણી માટે ચાર અઠવાડિયાની મુદતમાં શાળાના આચાર્ય મારફત નિયત પત્રકમાં જરૂરી ફી તથા ગુણપત્રક અને પ્રવેશપત્રની ઝેરોક્ષ નકલ સાથે બોર્ડને અરજી કરવાની રહેશે. મુદત બહારની અરજી પર ધ્યાન આપવામાં આવશે નહીં.

(19) પરીક્ષાર્થી ભવિષ્યમાં પરીક્ષાલક્ષી કામગીરી બાબત અંગે રજૂઆત કરવા પત્રવ્યવહારમાં પરીક્ષાર્થીનું નામ, સીટ નંબર, શાળા ઈન્ડેક્ષ નંબર, આપવામાં આવેલ **student ID No. (SID No.)** દર્શાવવો ફરજિયાત રહેશે.

(20) પરીક્ષામાં વ્યાપક પ્રમાણમાં ગેરરીતિ થતી જણાય તો કોઈ પણ નાગરિક સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને જાણ કરી શકશે. રાજ્યકક્ષાએ આ બાબતની જાણ ગાંધીનગર ખાતેના કંટ્રોલ રૂમના ફોન નંબર **99090 38768, 9909038769, 079-23220538, 079-23253819** પર કરવાની રહેશે, જેથી સત્વરે નિયંત્રક પગલાં લઈ શકાય.

(21) બોર્ડની પરીક્ષા સંદર્ભે શાળાઓ, વિદ્યાર્થીઓ અને વાલીઓને માર્ગદર્શન મેળવવા માટે ટોલ ફ્રી હેલ્પલાઈન નં. **1800-233-5500**. પરીક્ષા દરમ્યાન માનસિક તાણ અનુભવતા વિદ્યાર્થી / વાલીઓ માટે 'જીવન આસ્થા' ટોલ ફ્રી હેલ્પલાઈન નં. : **1800-233-3330** તેમજ હેલ્પલાઈન નંબર : **8602662345** અને **0261-6554050** પરથી પણ માર્ગદર્શન મળી શકશે.

| | |
|---|---|
| પરીક્ષાર્થીની સહી | આચાર્યની સહી |

પરીક્ષાની શુભેચ્છા...